રે. દિ. મુ. નંબર : ૮૬/૨૦૨૪

सत्यमेव जयते

રજુ તારીખ : ૧૧/૦૯/૨૦૨૪
દાખલ તારીખ : ૧૧/૦૯/૨૦૨૪
ફેસલ તારીખ : ૧૭/૦૪/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૦૭ માસ ૦૬ દિવસ

## ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રે.દિવાની મુકદમા નંબર : ૮૬/૨૦૨૪
આંક :

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
મારફતે :- નાયબ ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
ભાણવડ સબ ડીવીઝન,મું. ભાણવડ,
તા. ભાણવડ, જી.દેવભુમી-દવારકા.

વિરૂધ્ધ

પ્રતિવાદી : ગુજરનાર અબુભાઈ ઉમરભાઈ બ્લોચના વારસ
અનવરભાઈ અબુભાઈ બ્લોચ
ઉવ.પુખ્ત, ધંધો. ખેતી,
રે.ફિશ કલબ પાસે, તકીયા પાડો, ભાણવડ,
તા.ભાણવડ, જી.દેવભુમી-દવારકા

દાવો : વિજ વપરાશની લેણી રકમ રૂ.૯,૯૮૯-૬૮ પૈસા વસુલ મળવા બાબત...

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.ટી.નાણાવટી
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી : ગેરહાજર

## જજમેન્ટ

(૧) આ કામના વાદી કાયદાથી રચાયેલ સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વીજળી વિસ્તરણ અને વિતરણની સેવાઓ આપે છે. વાદી સંસ્થા વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને કાયદેસરના ગ્રાહકો જે વીજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે. આ કામના પ્રતિવાદી ભાણવડ ગામના રહીશ છે અને ફિશ કલબ વિસ્તાર માં પોતાની માલીકીના રહેણાંક મકાન ધરાવે છે. આ કામના

પ્રતિવાદી પોતાના રહેણાંક મકાન ઉપર ગ્રાહક નં.૩૨૮૦૧/૦૩૨૧૬/૬ થી રહેણાંકના હેતુ માટે વીજ જોડાણ ધરાવતા હતા.

(૨) આ કામના વાદી સંસ્થા ધ્વારા આ કામના પ્રતિવાદીને તેઓના વીજ વપરાશના બીલો વખતો વખત મોકલવા છતાં આ કામના પ્રતિવાદી બીલના નાણાં ભરપાઈ કરવામાં અતિશય બેદરકાર રહેલા હોય, તેઓનું વીજ જોડાણ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ કાપી નાંખવામાં આવેલ હતું. આમ, આ કામના પ્રતિવાદી પાસેથી વીજ બીલની રકમ પૈસા ભરપાઈ કરવા તથા વીજ જોડાણ ચાલુ કરાવવાની નોટિસ પણ આ કામના પ્રતિવાદીને તા.૨૪/૦૪/૨૦૨૪ ના રોજ પત્ર લખી નોટિસ આપેલી હતી, જે નોટિસ તેઓને મળી ગયેલ હોવા છતાં તેઓએ કોઈ જ જવાબ આપેલ નથી. આમ, આ કામના પ્રતિવાદી સામે તેઓને કાયદેસરની લેણી રકમ બાકી પડે છે. જે રકમ વસુલાત ન આપતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં. ૭ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થઈ ગયેલ છતા હાજર રહેલા ન હોય, સબબ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ આંક ૧ લગત એકતર્ફી કામ આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આાધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | ISSUES |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી ગ્રાહક નં.૩૨૮૦૧/૦૩૨૧૬/૬ વાળુ રહેણાંક હેતુ માટે વિજ કનેકશન ધરાવતા હતા ? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપની દવારા વીજ વપરાશ અન્વયે ગણતરી કરી બીલ પ્રતિવાદીને આપેલ હતુ, જે બીલ ભરવામાં આ કામના પ્રતિવાદીએ કસુર કરેલી છે ? |
| 3 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |

| | |
|---|---|
| 2. | હકારમાં |
| 3. | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 4. | અંશત: હકારમાં |
| 5 | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| અ.ન. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી સાહેદ સંદિપકુમાર અંબેલાલ પટેલનુ સરતપાસનું સોગંદનામુ. | ૦૯ |
| ૨. | દાવો દાખલ કરવામાટેનો પરવાનગીનો પત્ર | ૧૨ |
| ૩. | દાવો દાખલ કરવાની પરવાનગી | ૧૩ |
| ૪. | પ્રફોમા–૧૫ | ૧૪ |
| ૫. | ગેટપાસ | ૧૫ |
| ૬. | લેબ ચકાસણીનો પત્ર | ૧૬ |
| ૭. | લેબ રિપોર્ટ | ૧૭ |
| ૮. | લાઈટ બીલ | ૧૮ |
| ૯. | એરીઅર્સ બ્રેકઅપ ફોર્મ | ૧૯ |
| ૧૦. | ગણતરી પત્રક | ૨૦ |
| ૧૧. | લેઝર | ૨૧ |
| ૧૨. | લીગલ નોટીસ | ૨૨ |
| ૧૩. | એકનોલેજમેન્ટ | ૨૩ |
| ૧૪. | અબુભાઈનું મરણ પ્રમાણ પત્ર | ૨૪ |
| ૧૫. | સ્થળ રોજકામ | ૨૫ |
| ૧૬. | બ્રીફનોટ | ૨૬ |
| ૧૭. | પ્રફોમા–૧૨ | ૨૭ |

બાદ આ કામે આંક : ૨૮ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. પ્રતિવાદી તરફે કામ એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય પ્રતિવાદી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૫ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

:: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૫ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે. વાદીએ આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે. વાદી તરફે રજુ મૌખિક પુરાવો ઘ્યાને લેતા આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાની હકકીત વાદી પ્રસ્થાપિત કરી શકેલા છે, તેમજ આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોય, તેવી તેઓ તર્ફે હાજર રહી કોઈ જ તકરાર લેવામાં આવેલ નથી, સબબ આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાની હકીકત વાદી પુરવાર કરવામાં સફળ થયેલા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદી વીજ કનેકશન ધરાવતા હોવાનો અને પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી વીજ મેળવેલ હોવા અંગેનો છે. જે વીજ વપરાશ કરવા અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી દ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી બાકી નીકળતી રકમ રૂા.૯,૯૮૯–૮૬ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ દ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે વાદી દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો પૈકી આંક–૧૮ થી પ્રતિવાદીને આપવામાં આવેલ બીલ રજુ રાખવામાં આવેલ છે તેમાં બીલની રકમ રૂા.૮,૬૬૧–૫૭ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેમજ આંક–૨૨ થી લીગલ નોટીસ ઘ્યાને લેવામાં આવે તો તેમાં બાકી રકમ રૂા.૮૬૩૮/– જણાવવામાં આવેલ છે. તેમજ આંક–૧૯ વાળો દસ્તાવેજ ઘ્યાને લેવામાં આવે તો ટોટલ બીલની રકમ રૂા.૮,૬૩૮–૦૭ પૈસા દર્શાવવામાં આવેલ છે. આમ, વાદી દવારા અલગ અલગ દસ્તાવેજોમાં અલગ અલગ રકમ દર્શાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૮,૬૩૮/– માંગતા હોવાની હકીકત હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧,૨ નો જવાબ હકારમા ઠરાવેલ છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માં ગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત

મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004 (10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સંજોગો ઘ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ઘ્યાને લેતા વાદી સંસ્થા ઘ્વારા માંગવામાં આવેલ ૧૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાચિક નિર્ણય કરવો ન્યાચિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં મુદદા નંબર : ૩ તથા ૪ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી તથા મુદદા નંબર : ૫ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રૂ.રૂ.૮,૬૩૮/- (અંકે રૂપિયા આઠ હજાર છસ્સો આડત્રીસ પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૧૭ મી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૧૭-૦૪-૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮